# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-10-2023** **Morning: 7.45 to 7.55**
**Day : Monday** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ સામિયા સુલુહુ હસન આજે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય વાટાઘાટો કરશે
- હમાસ સાથે ચાલી રહેલા સંઘર્ષમાં ઈઝરાયેલમાં મૃત્યુઆંક 700 અને ઘાયલોની સંખ્યા બે હજાર 100 થી વધુ થઈ ગઈ છે
- સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજથી 12 ઓક્ટોબર સુધી ઈટાલી અને ફ્રાન્સની મુલાકાતે જશે
- સિક્કિમના પૂરગ્રસ્ત  વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી પૂરજોશમાં ચાલુ રાજ્યમાં મૃત્યુઆંક 33 થયો – કેન્દ્રિય ટીમ આજે અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લેશે
- ICC પુરુષ વિશ્વ કપ ક્રિકેટમાંભારતે ઓસ્ટ્રેલિયાને 6 વિકેટથી પરાજય આપ્યો

.......................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# TANZANIAN-PREZ--INDIA.rtf

તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ સામિયા સુલુહુ હસન આજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય સંવાદ કરશે. બેઠક દરમિયાન, બંને પક્ષો વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં સમજૂતી કરવામાં આવશે. તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ ગઈકાલે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના આમંત્રણ પર ભારતની ચાર દિવસીય મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા. તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિનું આજે રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં ઔપચારિક સ્વાગત કરવામાં આવશે અને ત્યારબાદ તેઓ રાજઘાટ પર ગાંધીજીને શ્રદ્ધાંજલી અર્પણ કરશે.

અમારા સંવાદદાતા જણાવે છે કે તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ પદની જવાબદારી સંભાળ્યા બાદ સુશ્રી હસનની આ પ્રથમ ભારત મુલાકાત છે. આ મુલાકાત બંને દેશો વચ્ચેના ઐતિહાસિક અને મૈત્રીપૂર્ણ સંબંધોને વધુ મજબૂત કરશે. સુશ્રી હસન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય મંત્રણા કર્યા બાદ તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પણ મળશે. તેમના સન્માનમાં રાષ્ટ્રપતિ સુશ્રી મુર્મુ દ્વારા ભોજન સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. આવતીકાલે તેઓ નવી દિલ્હીમાં વેપાર અને રોકાણ મંચના કાર્યકમમાં ભાગ લેશે.

# JAISHANKAR-TANZANIAN PREZ

કેન્દ્રિય વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઇકાલે તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ સામિયા સુલુહુ હસન સાથે મુલાકાત કરી હતી. રાષ્ટ્રપતિએ G-20માં આફ્રિકન સંઘને કાયમી સભ્ય તરીકે સામેલ કરવાની તેમની પહેલની પ્રશંસા કરવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો. G-20 શિખર બેઠકમાં તેમની પ્રારંભિક ટિપ્પણીમાં પ્રધાનમંત્રી મોદીએ આફ્રિકન સંઘના અધ્યક્ષ અઝાલી અસોમાનીને કાયમી સભ્ય તરીકે G-20 નેતાઓના ટેબલ પર બેસવા આમંત્રણ આપ્યું હતું.

તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ સામિયા સુલુહુ હસન ભારતની સત્તવાર મુલાકાતે ગઈકાલે દિલ્હી પહોંચ્યા હતા. નવી દિલ્હીમાં કેન્દ્રીય શિક્ષણ રાજ્ય મંત્રી અન્નપૂર્ણા દેવીએ તેમનું સ્વાગત કર્યું હતું. હવાઈ મથકે પરંપરાગત લોક નૃત્ય સાથે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ જણાવ્યું હતું કે સત્તા સંભાળ્યા બાદ સામિયા સુલુહુ હસનની આ પ્રથમ ભારત મુલાકાત છે.

# REV NT. ISRAEL-HAMAS-1

હમાસ સાથે ચાલી રહેલા સંઘર્ષમાં ઈઝરાયેલમાં મૃત્યુઆંક 700 અને ઘાયલોની સંખ્યા બે હજાર 100 થી વધુ થઈ ગઈ છે. મૃત્યુઆંક વધવાની ધારણા છે કારણ કે કેટલાક વિસ્તારો હમાસના હુમલાખોરોથી મુક્ત થવાનાબાકી છે અને હજુ પણ લડાઈ ચાલુ છે. અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે હમાસે ઓછામાં ઓછા 100 ઇઝરાયેલીઓને બંધક બનાવ્યા છે. ઇઝરાયલ-હમાસ યુદ્ધનો બીજો દિવસ પૂરો થયો છે તેમ છતાં , હમાસના હુમલાખોરોને ઇઝરાયલમાંથી સંપૂર્ણપણે હાંકી કાઢવામાં આવ્યા નથી. હમાસઅને ઈઝરાયેલના સુરક્ષાકર્મીઓ વચ્ચે હજુ પણ અનેક સ્થળોએ લડાઈ ચાલુ છે.

પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ કહ્યું હતું કે દેશ હમાસ પર અભૂતપૂર્વ ખર્ચ લાદશે, હમાસ-નિયંત્રિત ગાઝામાં મોટા પાયે જમીન હુમલાની અપેક્ષા છે , જે પેલેસ્ટિનિયન ઇસ્લામિક જેહાદ (PIJ) જેવા અન્ય નિયુક્ત આતંકવાદી સંગઠનોનું ઘર પણ છે. હજુ સુધી આવું કોઈ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું નથી અને ઈઝરાયેલ માત્ર ગાઝામાં હવાઈ હુમલા કરી રહ્યું છે.

દરમિયાન, પેટાગને ગઇકાલે જણાવ્યું હતું કે અમેરિકા ઇઝરાયેલને દારૂગોળો અને સાધન સામગ્રી આપશે અને પેલેસ્ટિનિયન આતંકવાદી જૂથ હમાસના હુમલાના જવાબમાં મધ્ય પૂર્વમાં અમેરિકના દળોને પ્રોત્સાહન આપશે.

અમેરિકના સંરક્ષણ સચિવ લોયડ ઓસ્ટીને એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમેરિકાની સરકાર ઇઝરાયેલ સંરક્ષણ દળોને યુદ્ધ સામગ્રી સહિત વધારાના સાધનોઅને સંસાધનો ઝડપથી પહોચાડશે.

અમેરિકી સંરક્ષણ વડાએ એમ પણ કહ્યું કે તેમણે યુએસએસ ગેરાલ્ડ આર. ફોર્ડ, એક વિમાનવાહક જહાજ , અને તે પૂર્વીય ભૂમધ્ય સમુદ્રમાં યુદ્ધ જહાજો સાથે જય રહ્યું છે તેને માર્ગદર્શન આપ્યું અને વોશિંગ્ટન આ પ્રદેશમાં લડાકુ વિમાન સ્ક્વોડ્રન વધારી રહ્યું છે. ગઈકાલે , અમેરિકના સંરક્ષણ સચિવ લોયડ ઓસ્ટીને ઇઝરાયેલના સંરક્ષણ મંત્રી યોવ ગૈલેંટ સાથે સંવેદના વ્યક્ત કરવા માટે વાત કરી હતી.

# UN SPECIAL COORDINATOR-ISRAEL-HAMAS

મધ્ય પૂર્વ શાંતિ પ્રક્રિયા માટે સંયુક્ત રાષ્ટ્રસંઘના વિશેષ સંયોજક ટોરવેનેસ લેન્ડ ઇઝરાયેલ અને ગાઝામાં ચાલીરહેલી પરિસ્થિતિ અંગે ચર્ચા કરવા માટે અમેરિકા, યુરોપિયન સંઘ, કતાર, ઇજિપ્ત અને લેબનોન સાથે સંપર્કમાં છે.

હમાસ દ્વારા દક્ષિણ અને મધ્યઈ ઝરાયેલમાં રોકેટ છોડ્યા બાદ ગઇકાલે તેમનું નિવેદન આવ્યું છે. હમાસના હુમલાઓથી ઇઝરાયેલમાં મૃત્યુઆંક 700ને વટાવી ગયો છે. ઇઝરાયેલી દળો હમાસના આતંકવાદીઓ સામે લડાઈ ચાલુ છે. ધ ટાઇમ્સ ઓફ ઇઝરાયેલના અહેવાલ અનુસાર આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ઇજાગ્રસ્તોમાં 22 ગંભીર હાલતમાં છે , 343 ગંભીર સ્થિતિમાં છે , 439 મધ્યમ સ્થિતિમાં છે અને એક હજાર થી વધુ સામાન્ય સ્થિતિમાં છે. તબીબી અધિકારીઓ ગંભીર ડિપ્રેશનવાળા 50 દર્દીઓ અને 187 દર્દીઓની સારવાર કરી રહ્યા છે. આ પહેલા ઈઝરાયેલના વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે ઈઝરાયેલમાં મૃત્યુઆંક 700 પર પહોંચી ગયો છે.

# ISRAELI PRIMEMINISTER-BIDEN

ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ ગઇકાલે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે વાતચીત કરી હતી. આ પહેલા પ્રધાનમંત્રી નેતન્યાહુએ જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદીમિર ઝેલેન્સકી, ઇટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની અને બ્રિટનના પ્રધાનમંત્રી ઋષિ સુનાક સહિત અન્ય વિશ્વ નેતાઓ સાથે પણ વાત કરી અને તેમણે તેમના દેશની સુરક્ષા માટે ઇઝરાયેલી પક્ષના સમર્થન માટે કહ્યું.

ગઈકાલે અમેરિકના રાષ્ટ્રપતિ જો બાઈડેને હમાસ દ્વારા 'આશ્ચર્યજનક હુમલા' વચ્ચે ઇઝરાયેલના સ્વ-બચાવના અધિકાર માટે સંપૂર્ણ સમર્થનની પુનઃ પુષ્ટિ કરી હતી. નેતન્યાહુએ બાઈડેનને તેમના સમર્થન માટે આભાર પણ માન્યો અને ભાર મૂક્યો કે એક મજબૂત અભિયાનની જરૂરી છે. ગઈકાલે એક મોટી ઘટનામાં હમાસે ઈઝરાયેલ પર"આશ્ચર્યજનક હુમલો" શરૂ કર્યો , દેશના દક્ષિણ અને મધ્યભાગો પર રોકેટ ફેકયા હતા. હમાસના રોકેટ હુમલા અને જમીની હુમલાથી મૃત્યુઆંક 600થી વધુ થયો છે , જ્યારે બે હજારથી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે. ટાઈમ્સ ઓફ ઈઝરાયેલે અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું કે ગાઝામાં કેટલાય ઈઝરાયેલીઓને બંધક બનાવવામાં આવ્યા હતા.

ઇઝરાયેલ હવાઈ દળે ગાઝા પટ્ટીમાં ઘણા લડાકુ વિમાનો સાથે હમાસ આતકવાદીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા કેટલાક વિસ્તારોમાં ખૂબ જ શક્તિશાળી અને ઘાતક હવાઈ હુમલા કર્યા.

# ISRAEL UNSC MEETING

સંયુક્ત રાષ્ટ્રમાં ઇઝરાયેલના રાજદૂતે ગઇકાલે પેલેસ્ટિનિયન ઇસ્લામિક જૂથ હમાસ પર યુદ્ધ અપરાધોનો આરોપ મૂક્યો હતો , અને પ્રતિજ્ઞા લીધી હતી કે હવે "હમાસના આતંકવાદી માળખાને નષ્ટ કરવાનો" સમય આવી ગયો છે , કારણ કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે સંઘર્ષ અંગે ચર્ચા કરી હતી. ગાઝાના પેલેસ્ટિનિયન વિસ્તારોમાંથી શરૂ કરાયેલા નાટકીય હુમલામાં હમાસના આતંકવાદીઓએ ઇઝરાયેલી શહેરોમાં હુમલો કર્યો હતો, જેમાં 700 થી વધુ ઇઝરાયેલીઓ માર્યા ગયા હતા અને ઘણા બંધકો સાથે ભાગી ગયા હતા. વર્ષ 1973ના યુદ્ધ પછી ઈઝરાયેલ માટે આ સૌથી વધુ ઘાતક દિવસ છે. ગઇકાલે ન્યુયોર્કમાં 15 સભ્યોની સુરક્ષા પરિષદની બંધ બારણે યોજાયેલી બેઠક પહેલા ઇઝરાયલના રાષ્ટ્ર સંઘના રાજદૂત ગિલાડ એર્ડને જણાવ્યું હતું. કે આ યુદ્ધ અપરાધો છે, સ્પષ્ટપણે દસ્તાવેજીકૃત યુદ્ધ અપરાધ છે. ઈઝરાયેલે ગાઝા પરહુમલો કર્યો, જવાબી કાર્યવાહીમાં સેંકડો લોકો માર્યા ગયા. અર્દાને આંતરરાષ્ટ્રીય સમુદાયને ઇઝરાયેલને સંપૂર્ણ સમર્થન આપવા અને હમાસની કાર્યવાહીની નિંદા કરવાની અપીલ કરી હતી.

ગાઝા પટ્ટી, લગભગ 20 લાખ લોકો વસે છે જ્યાં 2007થી હમાસનું શાસન છે. ઈઝરાયેલ દ્વારા ઈજિપ્તની મદદથી લાદવામાં આવેલી નાકાબંધીને કારણે તેની અર્થવ્યવસ્થા લાંબા સમયથી અવરોધિત છે. પરિષદે લગભગ 90 મિનિટ સુધી બેઠક કરી અને UNના મધ્ય પૂર્વ શાંતિ દૂત ટોરવેનેસ લેન્ડ દ્વારા બ્રીફિંગ સાંભળ્યું. રાજદ્વારીઓએ જણાવ્યું હતું કે સુરક્ષા પરિષદ સર્વસંમતિથી સંમત થાય તેવું નિવેદન બહાર પાડે તેવી શક્યતા નથી.

# RAJNATH VISIT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આ  જથી 12 ઓક્ટોબર સુધી ઈટાલી અને ફ્રાન્સની મુલાકાતે જશે. રોમમાં ઇટાલીના સંરક્ષણ મંત્રી ગુડો ક્રાઇસ્ટોને મળવાના છે. ઉલ્લેખનીય છે કે ઇટાલીના પ્રધાનમંત્રીની ભારત મુલાકાત દરમિયાન આ વર્ષે માર્ચમાં ભારત અને ઇટાલી વચ્ચેના સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીમાં પરિવર્તિત કરવામાં આવ્યા હતા.

પ્રવાસના બીજા તબક્કામાં , શ્રી સિંહ પેરિસમાં તેમના સમકક્ષ  , ફ્રાન્સના સશસ્ત્ર દળના મંત્રી સેબેસ્ટિયન લેકોર્નુ સાથે 5મો વાર્ષિક સંરક્ષણ સંવાદ યોજશે. ભારત અને ફ્રાન્સે તાજેતરમાં વ્યૂહાત્મક ભાગીદારીના 25 વર્ષની ઉજવણી કરી હતી. રોમ અને પેરિસ બંને દેશોમાં સંરક્ષણ મંત્રી સંરક્ષણ ઉદ્યોગના મુખ્ય કાર્યકારી અધિકારીઓ અને વરિષ્ઠ પ્રતિનિધિઓ સાથે ઔદ્યોગિક સહયોગ માટેની સંભવિત તકોની ચર્ચા પણ કરશે.

# SIKKIM-FLOOD

ગૃહ મંત્રાલય હેઠળનું આંતર મંત્રાલય કેન્દ્રિય જુથ કુદરતી આફતોથી થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે સિક્કિમના ગંગટોક પહોંચી છે. જે રાજ્યમાં પૂરની પરિસ્થિતી અંગે સમિક્ષા કરશે અને લાગતાં વળગતા વિભાગો સાથે બેઠકો કરશે. દરમ્યાન ભારતીય સેનાની ત્રિશક્તિ કોર્પ્સના જવાનો ગુમ થયેલા જવાનોને શોધવામાં જોતરાયા છે. ગુમ થયેલા 23 જવાનો માંથી અત્યાર સુધીમાં 9 જવાનોના મૃત્યુ થયા છે. જ્યારે બાકીના લાપતા જવાનોની શોધ ચાલી રહી છે.

સેનાના જવાનો ઉત્તર સિક્કિમના લાચેન , લાચુંગ અને ચુંગથાંગ સહિતના વિસ્તારોમાં ફસાયેલા 1700 પ્રવાસીઓને પણ મદદ કરી રહ્યા છે. તેમના દ્વારા આ પ્રવાસીઓને ખોરાક, તબીબી સહાય, સંદેશાવ્યવહારની સુવિધાઓ આપવામાં આવી રહી છે. સિક્કિમ રાજ્ય આપત્તિ નિવારણ સત્તા મંડળના જણાવ્યા અનુસાર અત્યારસુધીમાં 33 લોકોના મૃત્યુ થયા છે જ્યારે 2 હજાર 563 લોકો બચાવી લેવામાં આવ્યા છે. ઝોંગુને જોડતાં બે પુલ નષ્ટ થતાં અત્યારેતે સંપર્ક વિહોણુ થયું છે. ત્યાં સંપર્ક માટે હાલ કામચલાઉ વાંસનો એક પુલ તૈયાર કરવામાં આવ્યો છે.

આ સાથે લગભગ સાત હજારપચીસ લોકોને 30 રાહત શિબિરોમાં લઇ જવાયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આપત્તિનીઆ પરિસ્થિતિને સતત નોંધી રહ્યા છે. કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય કુમાર મિશ્રાએ ગઇકાલે મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગના નિવાસસ્થાને મુલાકાત કરીને બચાવ કામગીરી તેમજ નુકસાન થયેલ સંપત્તિનાં પુનઃસ્થાપન માટે જરૂરી પગલાં લેવા અંગે ચર્ચા કરી હતી.

# REV. CRICKET WORLD CUP

ICC પુરુષ વિશ્વ કપ ક્રિકેટમાં ભારતે ઓસ્ટ્રેલિયાને 6 વિકેટથી પરાજય આપ્યો છે. ગઇકાલે MA ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ભારતે જીત મેળવી તેના અભિયાનની વિજયી શરૂઆત કરી હતી. દરમ્યાન ઓસ્ટ્રેલિયાએ આપેલા 200 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે 41 ઓવર 2 બોલમાં 4 વિકેટ ગુમાવીને 201 રન બનાવ્યા હતા. વિરાટ કોહલીએ 85 અને કેએલ રાહુલે અણનમ 97 રન બનાવી ભારતને જીત અપાવવામાં મદદ કરી હતી. કે .એલ. રાહુલને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. આ સાથે જ ઓસ્ટ્રેલિયાની વિશ્વ કપ મેચમાં પ્રથમ મેચ જીતવાની 27 વર્ષ જૂની પરંપરા પણ તોડી નાખી હતી.

આ પહેલા પ્રથમ બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયા 49 ઓવર અને 3 બોલમાં માત્ર 199 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. ભારત તરફથી રવિન્દ્ર જાડેજાએ ત્રણ , જસપ્રિત બુમરાહ અને કુલદીપ યાદવે બે-બે વિકેટ જ્યારે રવિચંદ્રન અશ્વિન, મોહમ્મદ સિરાજ અને હાર્દિક પંડ્યાએ એક-એક વિકેટ લીધી હતી.

હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમમાં આજે ન્યુઝીલેન્ડનો સામનો નેધરલેન્ડ સામે થશે. મેચ ભારતીય સમય અનુસાર બપોરે બે વાગ્યે શરૂ થશે.

# UTTARAKHAND-BUSACCIDENT

ઉત્તરાખંડમાં ગઇકાલે મોડી રાત્રે નૈનીતાલ જિલ્લાના કાલાઢુંગી રોડ પર મંગોલી ઘાટક પાસે 31 મુસાફરોને લઈ જતી બસ ખાઈમાં પડતાં સાત લોકોનાં મોત થયાં અને 22 ઇજાગ્રસ્ત થયા.

બસ દુર્ઘટનામાં સામેલ વ્યક્તિઓ હરિયાણાના હિસાર જિલ્લાના શાળાના શિક્ષકો હતા જેઓ નૈનીતાલની યાત્રા પરથી પરત ફરી રહ્યા હતા. SDRFની ટીમ અને અન્ય બચાવ એકમો અને સ્થાનિક પોલીસે અકસ્માત બાદ 25 લોકોને બચાવ્યા. ઇજાગ્રસ્તોને સારવાર માટે હલ્દવાનીની સુશીલા તિવારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

# AFGHANISTANQUAKE

અફઘાનિસ્તાનમાં ભૂકંપના કારણે મૃતકોની સંખ્યા વધીને બે હજાર ચારસો થઈ ગઈ છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં શોધ અને બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. એવું માનવામાં  આવે છે કે ભૂકંપના કારણે પડી ગયેલી ઈમારતોના કાટમાળ નીચે હજુ પણ ઘણા લોકો  ફસાયેલા હોઈ શકે છે.

સંયુક્ત રાષ્ટ્રના માનવીય સહાયતા અંગેની બાબતોના કાર્યાલયે જણાવ્યું હતું કે   ભૂકંપના કારણે ઓછામાં ઓછા 465 મકાનો નાશ પામ્યા હતા અને 135ને  નુકસાન થયું હતું. શનિવારે આવેલા આ ભૂકંપની તીવ્રતા રિક્ટર  સ્કેલ પર છ પોઈન્ટ ત્રણ માપવામાં આવી હતી. તે બે દાયકામાં આવેલા સૌથી ભયાનક ભૂકંપોમાંનો એક હતો. તેનું કેન્દ્ર પશ્ચિમી શહેર હેરાતથી ચાલીસ કિલોમીટર દૂર હતું. શક્તિશાળી ભૂકંપના આંચકા ઓછામાં ઓછા ત્રણ વખત અનુભવાયા હતા , જે દરમિયાન ઘણી ઇમારતોને  નુકસાન થયું હતું અને મોટી સંખ્યામાં લોકો કાટમાળ નીચે દટાયા હતા.